સામાજિક વિજ્ઞાન　　　ધોરણ : 8　　　બીજું સત્ર

17. ન્યાયતંત્ર　　　25 marks

વિધાર્થીનું નામ:-..............................................................................................

**1.નીચે દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી √ કરો.5 marks**

1. મકાન, જમીન કે અન્ય સંપત્તિના હક અંગેના દાવાઓ કેવા દાવા કહેવાય છે?

A. ફોજદારી　B. દીવાની　C. A અને B બંને　D. એક પણ નહીં

2. ચોરી, લૂંટફાટ, ખૂન, મારામારી વગેરેના દાવાઓ કેવા દાવા કહેવાય છે?

A. ફોજદારી　B. દીવાની　C. ન્યાયિક　D. જ્યુડિશિયલ

3. ભારતના ન્યાયતંત્રની ટોચ પર કઈ અદાલત છે?

A. જિલ્લા અદાલત　B. તાલુકા અદાલત　C. વડી અદાલત　D. સર્વોચ્ચ અદાલત

4. ગુજરાત રાજ્યની વડી અદાલત ક્યાં આવેલી છે?

A. રાજકોટ　B. અમદાવાદ　C. ગાંધીનગર　D. સુરત

5. ભારતમાં સર્વોચ્ચ અદાલત નો પ્રારંભ ક્યારે થયો હતો?

A. 28 જાન્યુઆરી 1950　B. 26 જાન્યુઆરી 1950

C. 28 જાન્યુઆરી 1951　D. 28 જાન્યુઆરી 1952

**પ્રશ્ન 2. બંધ બેસતા જોડકા જોડો.　5 marks**

| વિભાગ - અ | ઉત્તર | વિભાગ - બ |
|---|---|---|
| 1. સર્વોચ્ચ અદાલત | 1. | A. ન્યાય ની દેવી |
| 2. લોક અદાલત નો સૌ પ્રથમ પ્રયોગ | 2. | B. તાલુકા અદાલત |
| 3. આંખે પાટા અને હાથમાં ત્રાજવું | 3. | C. રાજ્યપાલ |
| 4. સૌથી નીચલી કોર્ટ | 4. | D. દિલ્હી |
| 5. જિલ્લા ન્યાયાધીશ ની નિમણૂક | 5. | E. ગુજરાત |

**પ્રશ્ન 3. નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે જણાવો.　5 marks**

1. જિલ્લા અદાલતના ન્યાયાધીશ ફોજદારી મુકદમાં ચલાવે ત્યારે સેશન્સ ન્યાયાધીશ કહેવાય છે.

2. ગુજરાતની વડી અદાલત ગાંધીનગરમાં આવેલી છે.

3. લોક અદાલતમાં કેસ દાખલ કરવા ફી ભરવી પડે છે.

4. સર્વોચ્ચ અદાલત રાષ્ટ્રપતિ કેર ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી વિશે વિવાદ ઉકેલવાની સત્તા ધરાવે છે.

5. ક્યારેક અદાલત પોતે જાહેર હીતની બાબતે કેસ દાખલ કરે છે જેને સુવો મોટો કહેવામાં આવે છે.

**પ્રશ્ન-4. યોગ્ય શબ્દો વડે નીચેના વિધાનોની ખાલી જગ્યા પૂરો. 5 marks**

1. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની મુદત .......... વર્ષની હોય છે.
2. કોર્ટ ઓફ રેકોર્ડ્સ એટલે .....................
3. સરકારના મુખ્ય અંગો પૈકી ............ અંગ સ્વતંત્ર છે.
4. ભારતમાં આજે પણ હરિયાણા, ચંદીગઢ અને પંજાબ .......... એક જ વડી અદાલત છે.
5. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને દૂર કરવા સંસદના બંને ગૃહોમાં ............... બહુમતીએ દરખાસ્ત પસાર કરવી પડે છે.

**પ્રશ્ન 5. ફોજદારી દાવામાં કઈ બાબતોનો સમાવેશ કરી શકાય? 1 marks**

➢

**પ્રશ્ન 6. સેશન્સ. ન્યાયાધીશ કોને કહેવાય? 1 marks**

➢

**પ્રશ્ન 7. આપણા દેશની બધી અદાલતોમાં કઈ અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે? 1 marks**

➢

**8. લોક અદાલતના બે ફાયદાઓ જણાવો? 2 marks**

➢